For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## બોર્ડની પરીક્ષા શરૂ થવાની હોવાથી વિદ્યાર્થીઓ અને પરીક્ષકો બંને માટે ટેન્શન





બોર્ડની પરીક્ષા સાથે જ કેરિયરના વર્ષ શરૂ થતાં હોય છે જેના કારણે આ પરીક્ષા વખતે વિદ્યાર્થીઓને અંતિમ દિવસોમાં ખૂબ જ ટેન્શન રહે છે. તો પરીક્ષા લેનારાઓમાં પણ તાણની સ્થિતિ જોવા મળે છે. બોર્ડના અંતિમ કલાકોમાં વિદ્યાર્થીઓ વિવિધ લાયબ્રેરીમાં વાંચતા જોવા મળી રહ્યાં છે તો પરિક્ષકો સપ્લીમેન્ટરી આવી જતાં તેના વિતરણની વ્યવસ્થામાં લાગ્યા છે. **(તસવીર : સતીષ જાદવ)**

### સ્મીમેર મેડિકલ કોલેજમાં MBBS બાબતે લોકોનો એક જ અભિપ્રાય

# શહેરહિતમાં સ્મીમેરની બેઠકો માટે નવો ઠરાવ કરી દેવો જોઇએ

**શહેરના** અને વિદ્યાર્થીઓના હિતમાં શાસકો ઝડપી નિર્ણય લેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા શહેરીજનો

**અજબગજબનું** ગણિત, 2008માં ક્વોટા 70 ટકા હતો, હવે ઘટીને 28 ટકા થઇ ગયો

સુરતઃ ગુજરાતમાં હાલ 43 મેડિકલ કોલેજો કાર્યરત છે અને કુલ 7,525 MBBS સીટ ઉપલબ્ધ છે. સમગ્ર દેશમાં મહાનગર પાલિકા સંચાલિત મેડિકલ કોલેજોની સંખ્યા માત્ર ત્રણ જ છે. જેમાં પ્રથમ મુંબઈમાં, બીજી અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા અને ત્રીજી તરીકે સુરતમાં સ્મીમીર મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવી હતી.

સ્મીમેર મેડિકલ કોલેજનો સંપૂર્ણ ખર્ચ સુરત મહાનગર પાલિકા દ્વારા જ ભોગવવામાં આવે છે. આ સંસ્થાને રાજ્ય સરકાર અથવા અન્ય કોઈ પ્રકારની ગ્રાન્ટ મળતી નથી. કરદાતાઓના પૈસાથી ચાલતી આ કોલેજનો મૂળ હેતુ સુરતના વિદ્યાર્થીઓને ઉચ્ચ તબીબી શિક્ષણની તક ઉપલબ્ધ કરાવવાનો હતો. પરંતુ હાલમાં એડમિશન પ્રક્રિયામાં સુરતના વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો હોવાનો આક્ષેપ ઉઠી રહ્યો છે. શહેરના જાગૃત વાલીઓ અને તબીબો આ મુદ્દે ખુલ્લેઆમ આગળ આવી રહ્યા છે અને શહેરના હિતમાં શાસકો તાત્કાલિક યોગ્ય

...અનુસંધાન પાના ૯ પર

#### હાલમાં 70 ટકાની સામે માત્ર 28 ટકાનો જ લાભ મળી રહ્યો છે



સુરત શહેરની જનતાના હિત અને સુરત શહેરના બાળકોના ભવિષ્યના હિતમાં આપણી શહેરની પાલિકાની સંસ્થામાં સુરતના વિદ્યાર્થીઓને મેડિકલ શિક્ષણ માટે લાભ ઘર આંગણે મળે એ માટે સ્મીમેર કોલેજમાં આગળ કુલ સંખ્યા 100માંથી 70 વિદ્યાર્થી લોકલ (સુરત) શહેરના હોવાનો નિયમ અમલમાં હતો, પરંતુ હાલમાં કુલ સંખ્યા 250 થઈ ગઈ હોવા છતાં સુરત શહેરના ફાળે હજી પણ માત્ર 70 સીટ જ છે, તો જ્યારે 250 કુલ સંખ્યા હોય તો એ પ્રમાણે 175 બેઠક હોવી જોઈએ જે આગળના 70% ક્વોટાને ...અનુસંધાન પાના ૯ પર

#### નિયમો ચકાસીને શહેરના હિતમાં નિર્ણય લેવાય તેવો વિશ્વાસ છે



સરકાર નિયમોની ચકાસણી કરીને શહેરના તથા શહેરના વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેશે તેવો વિશ્વાસ છે. વર્ષ 2008માં જો 100 પૈકી 70 સીટ લોકલ ક્વોટાની આપવાનો ઠરાવ થયો હોય, તો ત્યારપછી સીટ વધતા આ ઠરાવ કરીને 70 ટકા ક્વોટાનો લાભ સુરતના વિદ્યાર્થીઓ અને લોકોને મળવો જ જોઈએ. સરકાર આ મામલે શહેરના હિતમાં નિર્ણય લેશે તેવો સંપૂર્ણ વિશ્વાસ છે.

**- ઇકબાલ કડીવાલા, વાઈસ પ્રેસિડન્ટ ગુજરાત નર્સિંગ કાઉન્સિલ**

#### નિયમો ફેરફાર ન થયા હોય તો ફરી ઠરાવ કરી શકાય છે



સ્મીમેર મેડિકલ કોલેજ શરુ થઈ ત્યારે આ પ્રોવિઝન હતું. અત્યારે પણ જો આ પ્રોવિઝન હોય તો તે પ્રમાણે કરી શકાય છે. જો ત્યારપછી નિયમો ફેરફાર ન થયા હોય અને હજી પણ તે નિયમો હોય તો તે જોઈ તપાસી તે મુજબ જો શહેરના હિતનો નિર્ણય શક્ય હોય તો લઈ શકાય તેમ છે. આ માટે બેસીને પ્રોવિઝન જોઈને તેની ચર્ચા થઈ શકે છે.

**- ડો.પ્રફુલ છાસઠીયા, એમડી ફિઝીશિયન**

#### શરૂઆતથી નક્કી થયેલું બંધારણ જળવાઈ રહેવું જોઈએ



સ્મીમેર બની ત્યારે તે સેલ્ફફાયનાન્સ બોડી બનશે અને તેનો ખર્ચ મનપા કરશે તેવો ઠરાવ થયો હતો. સુરત અને સુડાના ડોમીસાઈલની 70 ટકા સીટ સુરત માટે રિઝર્વ રહેશે. વર્ષ 2009માં 150 સીટ થઈ ત્યારે પણ 70 સીટ જ યથાવત રહી. કેમ ન વધી તે કારણ ખબર નથી. પણ શરૂઆતથી જે બંધારણ બન્યું તે ફોલો થવું જોઈએ અને સીટ વધી તો ખર્ચ વધ્યો તેની સાથે બંધારણ જળવાવું જોઈએ.

**- ડો.નિર્મલ ચોરારિયા**

# પરિવાર અને દીકરી તુષાર ઘેલાણીને પરેશાન કરતાં, વોટ્સએપ ચેટ રજૂ

**બિલ્ડર** તુષાર ઘેલાણી આપઘાત કેસમાં આરોપી પૂનમ ભાદોરીયાએ જામીનઅરજીમાં અનેક પુરાવા રજૂ કર્યા

**15** વર્ષના સંબંધોની જાણ હતી, બંને દેશ-વિદેશમાં સાથે ફરવા જતા, સ્કૂલનું પાર્ટનરશીપ ડીડ પણ 2018માં થયેલું, ત્યારે કોઈ ફરિયાદ કેમ થઈ નહીં?



**પૂનમે તુષાર ઘેલાણી સાથે ફરવા ગયા હતા તે ફોટા પણ રજૂ કર્યા**

બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં આરોપી પુનમે કોર્ટમાં રજૂ કરેલી જામીનઅરજીમાં દસ્તાવેજી પુરાવા સાથે તુષાર ઘેલાણી-પુનમ સાથે ફરવા ગયા હતા, તેના ફોટોગ્રાફ પણ રજૂ કર્યા હોવાનું વકીલ વિનય શુક્લાએ જણાવ્યું હતું.

સુરતઃ બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસમાં ઉમરા પોલીસે મહિલા મિત્ર પુનમ બ્રિજમોહનસિંગ ભાદોરીયા સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપી પુનમે વકીલ વિનય શુક્લા મારફતે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી છે. અગાઉ નીચલી કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી. આરોપી પુનમ સામે નોંધાયેલી ફરિયાદમાં ફરીયાદી તન્વીબેન તુષારભાઈ ઘેલાણીએ આક્ષેપ કર્યો હતો કે જોલી આર્કેડની ગ્રાઉન્ડ ફ્લોરની એક કરોડથી વધુની બે દુકાન, BLUE PAPILLON' નામની સ્કૂલમાં 50 ટકાની ભાગીદારી

...અનુસંધાન પાના ૯ પર

#### ૧૫ વર્ષ અનૈતિક સંબંધો તણાવમાં હોય તો ભાગીદાર-પરિવારને કેમ જાણ ન થઈ?, ફરિયાદ કેમ ન થઈ?

જામીન અરજીમાં બચાવ પક્ષે ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યાં છે. ફરિયાદીનાં પિતા તુષાર ઘેલાણી અને પુનમના ૧૫ વર્ષનાં અનૈતિક સંબંધમા તણાવ હોય, આર્થિક અને માનસિક શોષણ કર્યું હોય તો તે બાબતની જાણ શા માટે તેમના કોઈ ભાગીદારને કે પરિવારના સભ્યોને કરી નહીં? અને જો તેઓએ એવી જાણ કરી હોય તો શા માટે તે બાબતની કોઈપણ અરજી કે ફરીયાદ કોઈના પણ દ્વારા કરવામાં આવી નહીં?

#### તુષાર ઘેલાણી દેશ-વિદેશમાં પૂનમને સાથે લઈ જતાં, હોસ્પિટલમાં દાખલ થાય તો પૂનમ સાથે રહેતી

અનૈતિક સંબંધો વિશે બિલ્ડર તુષાર ઘેલાણીની પત્નીને જાણ થશે તો તે દુઃખી થશે તેવી હકીકત અંગે જામીનઅરજીમાં એવો ઉલ્લેખ કરાયો હતો કે અનૈતિક સંબંધો વિશે તુષારભાઈ ઘેલાણીની પત્ની, પરિવાર, ભાગીદારો અને તમામ મિત્ર-વર્તુળોને જાણ હતી. તુષારભાઈ પુનમને દેશ-વિદેશમાં અનેક પર્યટન સ્થળોએ સાથે ફરવા લઈ જતા હતા અને તુષારભાઈ ઘેલાણી ક્યારેક માંદા થતા અને હોસ્પિટલમાં દાખલ થતા તો પુનમ સાથે રહેતી હતી.

# પાલમાં ગુરુવારે પાણીકાપ શુક્રવારે ઓછું પ્રેશર રહેશે

**પાણીકાપને** લીધે 80,000ની વસ્તીને સીધી અસર થશે

સુરતઃ રાંદેર ઝોનના પાલ જળવિતરણ મથક ખાતે ભૂગર્ભ ટાંકીની સફાઈ અને નવી-જૂની ટાંકીઓના જોડાણની ટેકનિકલ કામગીરીને પગલે 26 ફેબ્રુઆરીએ ગુરૂવારે પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. આ કામગીરીને કારણે ગુરૂવારે અને શુક્રવારે પાણી પુરવઠો બંધ રહેશે. મરામતની આ કામગીરી પૂર્ણ થયા બાદ બીજા દિવસે એટલે કે 27 ફેબ્રુઆરી શુક્રવારે પાણી પુરવઠો ફરીથી શરૂ કરવામાં આવશે, પરંતુ ટેકનિકલ કારણોસર શુક્રવારે પણ પાણી ખૂબ જ ઓછા પ્રેશરથી મળશે તેમ જણાવાયું છે. પાલ વિસ્તારમાં પાણી કાપને લઈ અંદાજીત 80,000 વસતીને સીધી અસર થશે.

#### આ સ્થળોએ પાણી નહીં આવે

- ટ્વીન ટાવરથી સિદ્ધિ વિનાયક હાઈટ્સ, પૂજા ફ્લેટ્સ
- અલ્પેશનગર, સંત તુકારામ વિભાગ-2 અને 6 થી ઝઘડિયા ચોકડી
- રોયલ પ્લેટીનમ, રાજહંસ પ્લેટીનમ, ઓર્ચિડ ઇન્ફીનિટી, નક્ષત્ર એમ્બેસી
- પાલનપોર ગામ, હાર્મની રેસિડેન્સી, પંચામૃત કેમ્પસ, શ્રીપદ એન્ટેલિયા
- પાલ ગામ સહિતની આસપાસની સોસાયટીઓ
- મોનાર્કથી ગૌરવપથ રોડ
- પાલ હવેલીથી રાજહંસ કેમ્પસ થઈ કબૂતર સર્કલ સુધી

# સુરતીઓ આનંદો, 8મી માર્ચે ડુમસ સી-ફેસ ખુલ્લો મુકાશે

**શાસકોની** ટર્મ પૂરી થાય તે પૂર્વે મુખ્યમંત્રી લોકાર્પણ કરી ભાજપની સિદ્ધિઓમાં વધારો કરશે

સુરતઃ સુરત મહાનગરપાલિકાના શાસકોની વર્તમાન ટર્મ આગામી 12મી માર્ચે પૂર્ણ થઈ રહી છે, તે પૂર્વે શહેરના પ્રવાસન ક્ષેત્રે સીમાચિહ્ન સમાન 'ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ' પ્રોજેક્ટનું લોકાર્પણ 8મી માર્ચે કરવામાં આવશે. વાસ્તવમાં આ પ્રોજેક્ટનું લોકાર્પણ ડિસેમ્બર 2025માં કરવાનું આયોજન હતું, પરંતુ કામગીરીમાં થયેલા વિલંબને કારણે તે લંબાવાયું હતું. જે તે સમયે તત્કાલીન મનપા કમિશનર શાલિની અગ્રવાલે આ સાઈટની અનેકવાર મુલાકાત લીધી હતી અને કામગીરીની ધીમી ગતિ જોઈને ઈજારદાર એજન્સી પ્રત્યે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. શાસકો દ્વારા એજન્સીને નોટિસ પણ ફટકારવામાં આવી હતી અને નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા કડક તાકીદ કરવામાં આવી હતી. તંત્રના સતત ફોલોઅપ અને દબાણને પગલે આખરે પ્રોજેક્ટ આખરી તબક્કામાં પહોંચ્યો છે અને હવે 8મી માર્ચે સુરતીઓને આ આધુનિક પર્યટન સ્થળની ભેટ મળશે. મુખ્યમંત્રીના હસ્તે પ્રોજેક્ટનું લોકાર્પણ કરાશે.

ડુમસના દરિયાકિનારાને વૈશ્વિક સ્તરની સુવિધાઓથી સજ્જ કરવા ...અનુસંધાન પાના ૯ પર




#### સી ફેસ પર આ પ્રકારની સુવિધા મળશે

- બે મલ્ટિલેવલ કાર પાર્કિંગ
- 7000 સ્કવેર મીટરનો ચિલ્ડ્રન પ્લે એરિયા
- 1 કિમી લંબાઇનો સાઇકલ ટ્રેક
- 1 કિમી લંબાઇનો વોક-વે
- વિવિધ પ્રકારના 9 સ્કલ્પચર્સ
- ખાણીપીણીના 25 સ્ટોલ્સ
- બીચ વોલીબોલ કોર્ટ
- મલ્ટી પર્પઝ ગ્રાઉન્ડ
- કોન્વિવિયલ પેવેલિયન
- બાઇસિકલ રેન્ટલ શોપ
- બાસ્કેટ બોલ કોર્ટ

### સુરતની વધતી વૈશ્વિક ઓળખ, મજબૂત એર કનેક્ટિવિટી અને સતત વધી રહેલી માંગનું પ્રતિબિંબ

# સુરત એરપોર્ટના ઈતિહાસમાં પેસેન્જર્સની અવરજવરનો નવો વિક્રમ

**સુરત** ઇન્ટરનેશનલ એરપોર્ટના ઇતિહાસમાં પ્રથમવાર સર્વાધિક 1,71,580 પેસેન્જર જાન્યુઆરી-2026માં નોંધાયા

**ઇન્ટરનેશનલ** પેસેન્જરની અવર જવરના પણ તમામ રેકોર્ડ તૂટ્યા, જાન્યુઆરી 2026માં 23660 પેસેન્જર નોંધાયા

**જાન્યુઆરી** 2026 માં ઇન્ટરનેશનલ અને કુલ પેસેન્જરનો આંકડો ઓલટાઈમ હાઇ રહ્યો

સુરત : નવા વર્ષ જાન્યુઆરી 2026 ની શરૂઆતથી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જરોની અવર જવર મામલે ધમાકેદાર શરૂઆત થઈ છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના ઈતિહાસમાં પ્રથમવાર સર્વાધિક 1,71,580 પેસેન્જર જાન્યુઆરી 2026 માં નોંધાયા છે. આ પૂર્વે 1,70,127 પેસેન્જર નવેમ્બર 2025 માં નોંધાયા હતા. ઈન્ટરનેશનલ પેસેન્જરની અવર જવરના પણ તમામ રેકોર્ડ જાન્યુઆરી 2026 માં તૂટ્યા છે. જાન્યુઆરી 2026 માં કુલ 23,660 ઈન્ટરનેશનલ પેસેન્જર નોંધાયા છે.

જાન્યુઆરી 2026 માં 1,47,920 અને 23,660 ડોમેસ્ટિક પેસેન્જરો મળી કુલ 1,7,580 પેસેન્જર નોંધાયા છે. એટલું જ નહીં ડોમેસ્ટિક કાર્ગોની અવર જવર પણ સુરત એરપોર્ટથી વધી છે. જાન્યુઆરી 2026 માં એક

...અનુસંધાન પાના ૯ પર

#### નાણાકીય વર્ષ 2025-26ના 10 મહિનામાં પેસેન્જર્સની અવર જવર

| મહિનો | ડોમેસ્ટિક | ઇન્ટરનેશનલ | કુલ |
|---|---|---|---|
| એપ્રિલ | 1,31,790 | 16,316 | 1,48,106 |
| મે | 1,45,135 | 18,790 | 1,63,925 |
| જૂન | 1,27,652 | 15,560 | 1,43,212 |
| જુલાઈ | 1,16,149 | 16,213 | 1,32,362 |
| ઓગસ્ટ | 1,29,268 | 15,442 | 1,44,710 |
| સપ્ટેમ્બર | 1,19,185 | 15,676 | 1,34,861 |
| ઓક્ટોબર | 1,33,955 | 19,030 | 1,52,985 |
| નવેમ્બર | 1,50,725 | 19402 | 1,70,127 |
| ડિસેમ્બર | 1,36,576 | 21,465 | 1,58,041 |
| જાન્યુઆરી | 1,47,920 | 23,660 | 1,71,580 |


માહ્યાવંશી બેસણું



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, અમારી માતૃશ્રી
સ્વ. રામીબેન ગોવિંદભાઈ કંથારીયા
તા. ૨૦-૦૨-૨૦૨૬ને શુક્રવારનાં રોજ દેવલોક પામ્યા છે.
પરમાત્માં વિલિન થયેલ એમના આત્માને પ્રભુ ''પરમ શાંતિ'' અર્પે એજ અમારી નમ્ર ''પ્રભુપ્રાર્થના''

સ્વ. રામીબેન ગોવિંદભાઈ કંથારીયા
સ્વ. તા. ૨૦-૦૨-૨૦૨૬

સદ્‌ગતનું બેસણું
તા. ૦૧.૦૩.૨૦૨૬ રવિવારનાં રોજ
સમય : ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે
સ્થળ : ''હાશ'' વૈશાલી બંગલો, કાસલા બુજરંગ, તા. ઓલપાડ.

લિ.
શાંતિલાલ જી. કંથારીયા – L.I.C.
ડી. જી. કંથારીયા – Rtd. D.Y.SP. ગુજરાત પોલીસ
સ્વ. રમેશચંદ્ર જી. કંથારીયા
સ્વ. રાજેન્દ્ર ટી. કંથારીયા
હિરલ એસ. પટેલ (ટોરેન્ટ પાવર)
સિધ્ધરાજ એસ. પટેલ – L.I.C.
હાર્દિક આર. કંથારીયા
યશસ્વી ડી. કંથારીયા
મનીષકુમાર આર. કરંજીયા (જમાઈ) Rtd. D.Y.SP. ગુજરાત પોલીસ
રાજેન્દ્ર જે. ચાવડા (જમાઈ)
વૈશાલી એસ. કંથારીયા
દક્ષા ધીરૂભાઈ કંથારીયા
ગં.સ્વ. હેમલતા આર. કંથારીયા
ગં.સ્વ. જયાબેન આર. કંથારીયા
ડૉ. રાધિકા એચ. પટેલ
ખુશ્બુ એસ. પટેલ
પ્રતિક આર. કંથારીયા
ઈન્દુમતિ એમ. કરંજીયા (પુત્રી)
રક્ષાબેન આર. ચાવડા (પુત્રી)
કાવ્યાંશ, ભવ્યાબા, હિનાયાબા, કનિષ્કાબા, ધૈર્યરાજ
પારડી ઝાંખરીવાલા પરિવાર સ્વ. કાશીબેન અને સોમાભાઈ બાવજીભાઈ સુરતી પરિવારનું ફૂલે પૂજેલું રામીબા રૂપી પુષ્પ વિખરાય ગયું
નિવાસસ્થાન : ''હાશ'' વૈશાલી બંગલો, મુ. કાસલાબુજરંગ, તા. ઓલપાડ.

श्रद्धांजलि सभा



6 जनवरी 1933 — 24 फरवरी 2026
श्री आनंदराज सा सिंघी
(स्व. श्रीमती मगदिवी एवं स्व. श्री विजयराज सा सिंघी के सुपुत्र)
अत्यंत दुःख के साथ सूचित किया जाता है कि हमारे प्रेरणास्त्रोत श्री आनंदराज सा सिंघी का स्वर्गवास 24 फरवरी 2026 को हो गया।
श्रद्धांजलि सभा
बुधवार 25 फरवरी 2026 | प्रातः 10 से 11 बजे तक | अग्रसेन भवन (श्यामकुंज हॉल)
शोकाकुल परिवार
स्व. श्रीमती उच्चबकंवर (धर्मपत्नी)
राजेन्द्र-मधु, सीए प्रदीप-सपना, महेश-शेफाली (पुत्र-पुत्र वधू),
सिद्धार्थ-शिखा, शुभम (पौत्र-पौत्र वधू), ऋचा-वरदान बोरा,
रुचिरा-संतोष, पलक-प्रलव भंसाली, सुरभि सिंघी (पौत्री-पौत्री जवाई)
एवं समस्त सिंघी परिवार (सिरोही)
PRADEEP SINGHI & ASSOCIATES
SINGHI FINANCIAL ADVISORS

સ્મરણાંજલિ



સ્વ. ઈશ્વરલાલ ચીમનલાલ જરીવાલા, સ્વ.તા. 3/3/૧૯૯૩, સ્વર્ગવાસ સંવત ૨૦૪૯ ફાગણ સુદ-૯
સ્વ. લીલાવતીબેન ઈશ્વરલાલ જરીવાલા, સ્વ.તા. ૮/૦૧/૨૦૧૬, સ્વર્ગવાસ સંવત ૨૦૭૨ માગસર વદ-૧૩
સ્વ. પ્રવિણચંદ્ર ઈશ્વરલાલ જરીવાલા, સ્વ.તા. ૧૬/૧૨/૨૦૨૦, સ્વર્ગવાસ સંવત ૨૦૭૫ માગશર સુદ-બીજ
હે પુણ્યાત્મા શ્રધ્ધા-સ્નેહનાં પુષ્પથી અમારા વંદન, સ્નેહાળરૂપે છત્રછાયા બની સદૈવ વાત્સલ્ય અમી વર્ષા વરસાવતા આપના યશસ્વી જીવનની સ્નેહસ્મૃતિઓ, સુસ્મરણો અમારી મહામૂલી મૂડી છે, પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
ગં.સ્વ. દક્ષાબેન પ્રવિણચંદ્ર જરીવાલા
ઉમેશચંદ્ર ઈશ્વરલાલ જરીવાલા — સંગીતાબેન ઉમેશચંદ્ર જરીવાલા
નૈનેશ પ્રવિણચંદ્ર જરીવાલા — મીનલ નૈનેશ જરીવાલા
કલ્પેશ પ્રવિણચંદ્ર જરીવાલા — ભૂમિકા કલ્પેશ જરીવાલા
ધ્રુવિત ઉમેશચંદ્ર જરીવાલા — જેનિષા ધ્રુવિત જરીવાલા
આયુષ નૈનેષ જરીવાલા — કુશ કલ્પેશ જરીવાલા

॥ વ્હાલા પપ્પા ને ૨૩મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ ॥



તમે ભલે અમારી સાથે સદેહે નથી, પરંતુ તમારા વિચારો, સંસ્કાર અને ગુણો સદાય પ્રેરણાદાયી રહેશે. આજે પણ તમારી યાદો, શિખામણો અને આશીર્વાદ કુદરત અમારા ઉપર વરસાવતી રહીને આપને અમારા હૃદયમાં જીવંત રાખે છે અને સારા માર્ગે આગળ વધવા હંમેશા પ્રોત્સાહિત કરે છે.
લિ.
ગં.સ્વ. પદમાબેન જયવદન પસીયાવાલા
હિતેષ જયવદન પસીયાવાલા
હિમાંશુ (હેમંત) જયવદન પસીયાવાલા
હિરેન જયવદન પસીયાવાલા
મિનાક્ષી જયેશકુમાર મશરૂવાલા (પુત્રી)
તથા સમસ્ત પસીયાવાલા પરિવાર
હિમાંશુ ફેબ્રીકસ – ધ્રુવ ફેબ્રીકસ
સ્વ. જયવદન (જયલુભાઈ) ઠાકોરદાસ પસીયાવાલા
સ્વ. ફાગણ સુદ ૬ને બુધવાર સંવત ૨૦૫૯
સ્વ.તા. ૧૨.૦૩.૨૦૦૩
સરનામું : ૩/૧૭૯૦, ધામલાવાડ નં. ૩ની સામે, સલાબતપુરા, સુરત. ફોન ૨૩૨૦૧૦૧

હાર્દિક શ્રધ્ધાંજલિ



સારા કર્મોની સુગંધ સદાય રહેશે, મિઠી વાણી હંમેશા યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય પરંતુ, આપની યાદ અમારી સાથે સદાય રહેશે. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુ ચરણે પ્રાર્થના
સ્વ. હંસાબેન ડાહ્યાભાઈ પટેલ
જન્મ તા. : ૧૪-૦૫-૧૯૪૦
સ્વ.તા: ૨૩-૦૨-૨૦૨૬
લિ.
હરીશભાઈ છનાભાઈ પટેલ — સ્વ. મંજુલાબેન હરીશભાઈ પટેલ
જયદિપકુમાર હરીશભાઈ પટેલ — કેમીકા જયદિપ પટેલ
હિતેશભાઈ પરસોતમભાઈ પટેલ — ચૈતાલીબેન હિતેશભાઈ પટેલ
અંકિતભાઈ પ્રવિણભાઈ પટેલ — તોરલબેન અંકિતભાઈ પટેલ
પાર્થ, આર્ચા, દેવાંશી, નિર્વેદ તથા સમસ્ત પરિવાર

પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સત્કર્મો તમારી શોભા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂ રટણ હતુ, વ્યવહાર કદી ચુકયા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે. પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અંતરની પ્રાર્થના.
સ્વ.વિરમતી રામચંદ્ર દેસાઈ
સ્વ.તા.૨૫/૦૨/૨૦૨૧
લિ.
રામચંદ્ર બી. દેસાઈ
હર્ષલ રામચંદ્ર દેસાઈ — અ.સૌ.જીગીષા હર્ષલ દેસાઈ
કમલેશ રમેશચંદ્ર દેસાઈ — અ.સૌ.શેફાલી કમલેશ દેસાઈ
હિમાંશુ મહેન્દ્ર આચાર્ય — અ.સૌ. નેહા હિમાંશુ આચાર્ય
મહર્ષિ, નિસર્ગ, દેવ, જહાન્વી